સાધકના જીવનનો આ છે પ્રોગ્રામ, મૂકીએ સંગ્રામ, બળ દેજો હે ઘનશ્યામ; (૨)
કૃપા કરીને પ્રભુ તું લઈ જા, તારી દિવ્ય ભૂમિમાં, બળ તું દેતો જા... (૨)
સિદ્ધાંતિક પ્રસન્નતાની છે તમન્ના, મૂર્તિની સ્મૃતિની રહીએ ફિકરમાં, (૨)
નિષ્કામભાવે થાય માહાત્મ્યેયુક્ત સેવા, સુહૃદભાવથી મળે મેવા, રાજી કરી લેવા,
અંતરની અભીપ્સા આ... સાધકના.

જાગ્રતતા, જાણપણું જીતવાની બાજી, અંતર્દૃષ્ટિથી થાય છે તું રાજી,(૨)
બનીએ અમે ના કોઈનાય કાજી, હું છું સાધુ તે ના ભૂલીએ જરી,
તારી પાળીએ ચરી, સૌમાં મહારાજ છે વળી.... સાધકના.

દિવ્ય માનવામાં જ્યાં ભૂલથાપ ખવાયે, સરળતાથી દોષ કબૂલ કરાયે,(૨)
સ્વામી સ્વામી નિરંતર કરાયે, શ્રદ્ધાએ સહિત પ્રાર્થીએ તમને,
બળ દેજે અમને, સ્વરૂપ તારું ઓળખાવજે... સાધકના.

આ ત્રણ સિદ્ધાંતે જીવીએ સદાયે, મૂંઝવણ વિક્ષેપ ના રહે લગારે,(૨)
પ્રાર્થના વિના કાંઈ ન કરાયે, સુખે સુખે મહારાજમાં રહેતા થવાયે,
સૌ દિવ્ય મનાયે, અખંડ ધામરૂપ રહેવાયે... સાધકના.